પડધરીમાં બ્રાન્ડેડ કંપનીની નકલી જંતુનાશક દવા બનાવતી ફેક્ટરી ઝડપાઈ : ૧૦ લાખની મતા જપ્ત

રાજકોટનો શખ્સ સૌરાષ્ટ્રભરમાં સપ્લાય કરતો : એસઓજીનો સફળ દરોડો

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૨૬

રાજકોટ નજીક પડધરી પાસે ગ્રામ્યના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ અને ખાનગી કંપનીના તપાસ અધિકારીઓએ દરોડો પાડી પડધરી તાલુકાના અમરેલી ગામની સીમમાં ચાલી રહેલા નકલી જંતુનાશક દવાઓ બનાવાની ફેક્ટરી ઝડપી પાડી હતી. નકલી દવા બનાવવાના મિશ્રણ અને વેચાણના કૌભાંડનો પર્દાફાશ કરી ફેક્ટરીમાંથી અંદાજે રૂ. ૧૦,૧૨,૭૪૮ ની કિંમતનો નકલી દવાઓનો જથ્થો તથા મોટી માત્રામાં ડુપ્લિકેટ સ્ટીકરો અને ખાલી બોટલો જપ્ત કરવામાં આવી છે. આ મામલે રાજકોટના શખ્સની ધરપકડ કરી છે.





મળતી વિગતો મુજબ, પ્રખ્યાત એગ્રીકલ્ચર કંપનીઓ જેવી કે બાયર ક્રોપ સાયન્સ, યુ.પી.એલ., સીજેન્ટા, ઇન્સેક્ટિ ઇન્ડિયા અને એફ.એમ.સી. ઇન્ડિયા માટે બ્રાન્ડ પ્રોટેક્શનનું કામ કરતી તપાસ એજન્સી CHEQ IP Solutions ના સીનિયર ઇન્વેસ્ટિગેશન ઓફિસર નીતિનકુમાર ભીખાભાઈ પટેલ (રહે. અમદાવાદ) ને બાતમી મળી હતી કે પડધરીના અમરેલી ગામની સીમમાં આવેલા નરેડવુડ ઇન્ડસ્ટ્રીયલથ નામના કારખાનાની ઓરડીમાં નામચીન કંપનીઓની ડુપ્લિકેટ જંતુનાશક દવાઓ બનાવવામાં આવે છે. આ બાતમીના આધારે રાજકોટ ગ્રામ્ય એસઓજી ના પી.આઈ એફ.એ. પારગીની સુચનાથી પી.એસ.આઈ જી.જે.ઝાલા તેમજ કૃષિ અધિકારી મયુરીબેન રૂપાપરા સહિતના સ્ટાફ દ્વારા રેડવુડ ઇન્ડસ્ટ્રીયલ ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન સ્થળ પરથી આરોપી નિર્ભયભાઈ હરસુખભાઈ સુદાણી (રહે. ત્રિમૂર્તિ ટાવર, લક્ષ્મીનગર રોડ, રાજકોટ) મળી આવ્યો હતો. કારખાનાની દક્ષિણ બાજુ આવેલી ઓરડીઓમાંથી તપાસ કરતા વિખ્યાત કંપનીઓના નામના બોક્સ, ડુપ્લિકેટ દવાઓ, ૪૪,૭૬૦ નંગ સ્ટીકર/સ્ટીકર રોલ અને ૪,૬૫૩ નંગ ખાલી બોટલો તથા ઢાંકણા મળી આવ્યા હતા. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપી પાસે દવાઓ બનાવવા, રાખવા કે વેચાણ કરવા માટેનું કોઈ પણ અધિકૃત લાયસન્સ કે આધાર-પુરાવા નહોતા. આરોપી જુદી જુદી જગ્યાએથી કેમિકલ અને રો-મટીરિયલ મગાવી, પ્લાસ્ટિકના બેરલમાં મિશ્રણ કરી બોટલોમાં ભરીને ખેડૂતો અને કંપનીઓ સાથે છેતરપિંડી આચરતો હોવાનું ખૂલ્યું હતું. આ મામલે પડધરી પોલીસ સ્ટેશનમાં આરોપી નિર્ભય સુદાણી સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ફરીયાદીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ગોરેગાંવ (હરીયાણા) માં આવેલ ચેક આઈપી સોલ્યુશન્સ કંપનીમાં સીનીયર ઇન્વેસ્ટીગેશન ઓફીસરથી આશરે પાંચ વર્ષથી કામ કરે છે. તેઓને ઇન્વેસ્ટીગેશન ઓફીસર તરીકે બાયર ક્રોપ સાયન્સ, યુનાઇટેડ ફોસ્ફરસ લીમીટેડ (યુ.પી.એલ.), સીજેન્ટા કંપની, ઇન્સેકટી સાઇડસ ઇન્ડીયા લીમીટેડ, એફએમસી ઇન્ડીયા કંપનીમાં બનતી ખેતીવાડીની દવાઓનું ભારત દેશમાં કોઇ જગ્યાએ કોઈ કંપની કોપી(ડુપ્લીકિટ) કરતુ હોય તેઓની સામે કાર્યવાહી કરવાની હોય છે. દરમિયાન તેઓને માહીતી મળેલ કે, રાજકોટ જીલ્લાના પડધરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ અમરેલી ગામની સીમમાં રેડવુડ ઇન્ડસ્ટ્રીયલ નામના કારખાના બાયર ક્રોપ સાયન્સ લીમીટેડ, યુનાઇટેડ ફોસ્ફરસ લીમીટેડ (યુ.પી.એલ.) તથા સીજેન્ટા કંપનીમાં બનતી દવાઓનું ડુપ્લીકિટ ખેતીવાડીની દવાઓ બનાવી તેનુ વેચાણ થાય છે. તેઓની કંપનીમા બનતી ખેતીને લગતી દવાઓ (કન્ટેન) કંપનીમા જ બનાવતા હોય, બીજા કોઈને બનાવવા આપતા ન હોય જેથી તેઓ અને કંપનીના સહાયક ઇન્વેસ્ટીગેશન ઓફીસરે રૂરલ એસઓજી પીઆઈને લેખીત અરજી આપી હતી જેના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો.

સુરેન્દ્રનગર LCB દ્વારા ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલાયો

બે શખ્સ પાસેથી ૩ વાહન જપ્ત કરાયા

(પ્રતિનિધિ દ્વારા) વઢવાણ તા. ૨૬

વઢવાણથી નકટીવાવ વાળા મેલડી માં તરફના માર્ગ પર પોલીસે કાર્યવાહી કરી : રૂ.૧ લાખનો મુદ્દામાલ કબજે, બે અલગ-અલગ પોલીસ મથકના ચોરીના ગુના ડિટેક્ટ....લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે ચોરીના ગુનાઓ સામે હાથ ધરેલી કાર્યવાહીમાં બે શખ્સોને ઝડપી પાડી ત્રણ વાહનો સહિત કુલ રૂ.૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હોવાની માહિતી આપવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન ચોરીના બે ગુનાઓનો ભેદ પણ ઉકેલાયો હોવાનું જણાવાયું છે.રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુની સૂચના અને માર્ગદર્શન હેઠળ મિલકત સંબંધિત ગુનાઓ શોધી કાઢવા તેમજ અનડિટેક્ટ ગુનાઓ ડિટેક્ટ કરવા માટે પોલીસ તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી હતી. જેના ભાગરૂપે સુરેન્દ્રનગર એલસીબીની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી.પોલીસને મળેલી બાતમીના આધારે વઢવાણથી નકટીવાવ વાળા મેલડી માં તરફ જતા



(તસવીરઃ રૂદ્રદત્તસિંહ રાઠોડ)

રોડ પરથી બે શખ્સોને રોકી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન તેમની પાસેથી ચોરી કરાયેલા વાહનો મળી આવતાં પોલીસે બંનેને ઝડપી પાડ્યા હતા. પ્રાથમિક તપાસમાં બે અલગ-અલગ સ્થળોએથી થયેલી ચોરી સાથે આ વાહનો સંકળાયેલા હોવાનું સામે આવ્યું હતું.પોલીસે કરેલી કાર્યવાહીમાં કુલ ત્રણ વાહનો કબજે કરવામાં આવ્યા હતા. જેમાં બે કાળા કલરની સ્પ્લેન્ડર મોટરસાયકલ તથા એક સી.એન.જી. રિક્ષાનો સમાવેશ થાય છે.કબજે કરાયેલા મુદ્દામાલમાં એક કાળી કલરની સ્પ્લેન્ડર મોટરસાયકલની કિંમત રૂ.૨૦,૦૦૦, બીજી કાળી કલરની સ્પ્લેન્ડર મોટરસાયકલની કિંમત રૂ.૩૦,૦૦૦ તથા એક સી.એન.જી. રિક્ષાની કિંમત રૂ.૫૦,૦૦૦ મળી કુલ રૂ.૧,૦૦,૦૦૦નો મુદ્દામાલ હોવાનું જણાવાયું છે.....આ કાર્યવાહીમાં પોલીસે સમુંદર ઉર્ફે સમંદર રાજુભાઈ ચૌહાણ તથા મહેશભાઈ પરમારને ઝડપી પાડ્યા હોવાનું જણાવાયું છે. બંનેના રહેઠાણ અંગે પણ પોલીસે વિગતો નોંધી છે.પોલીસ તપાસમાં સમુંદર ઉર્ફે સમંદર રાજુભાઈ ચૌહાણ ચોટીલા વિસ્તારમાં તેમજ મહેશભાઈ પરમાર વાંકાનેર અને જામનગર વિસ્તારમાં રહેતો હોવાનું સામે આવ્યું છે....ઝડપાયેલા વાહનો અંગે તપાસ કરતાં પોલીસે શાપર-વેરાવળ પોલીસ સ્ટેશન તથા ચોટીલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનાઓ સાથે તેનો સંબંધ શોધી કાઢ્યો છે. આમ, એલસીબીની કાર્યવાહીમાં ચોરીના બે ગુનાઓ ડિટેક્ટ કરવામાં આવ્યા હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

પ્રેસનોટ મુજબ ચોરીના ગુનાઓમાં ઇગજ કલમ ૩૦૩(૨) હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.... મહેશભાઈ વિઠલભાઈ પરમારને લગતા અન્ય ગુનાઓની પણ વિગતો આપવામાં આવી છે. જેમાં જામનગર બેડી મરીન પોલીસ સ્ટેશન તથા ૫ ધાંગધ્રા સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આથી ઝડપાયેલા શખ્સોની અગાઉની ગુનાહિત પ્રવૃત્તિ અંગે પણ પોલીસ દ્વારા તપાસ આગળ વધારવામાં આવી રહી છે.પોલીસના જણાવ્યા મુજબ આરોપી સામે મંદિરમાંથી ચાંદીના દાગીના (સતર) તેમજ મોટરસાયકલ ચોરી કરવાનો એમ.ઓ. દર્શાવવામાં આવ્યો છે. ....આ સમગ્ર કામગીરીમાં LCB PI બી.એચ. શીંગરખિયા, PSI આર.જે. ગોહિલ તથા પેટ્રોલિંગ સ્કવોડના PSI સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા. ટીમમાં ASI લક્ષ્મણસિંહ ઝાલા, HC અનિરૂદ્ધસિંહ ખેર, HC ગોપાલસિંહ ઝાલા, PC અશ્વિનભાઈ માધડિયા સહિતના પોલીસ કર્મચારીઓનો સમાવેશ થતો હોવાનું પ્રેસનોટમાં જણાવાયું છે.ચોરીના બે ગુનાઓનો ભેદ ઉકેલી ત્રણ વાહનો સાથે કુલ રૂ.૧ લાખનો મુદ્દામાલ કબજે થતાં એલસીબીની આ કાર્યવાહીથી ચોરીના ગુનાઓની તપાસને મહત્વની કડી મળી છે. ઝડપાયેલા બંને શખ્સો પાસેથી મળેલા વાહનોની માલિકી, ચોરીની ચોક્કસ પરિસ્થિતિ અને અન્ય સંભવિત ગુનાઓ અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

પુત્રને પંચાયતની જગ્યા ભાડે આપતા ચરખડીના સરપંચ ડીસમીસ

તલાટી પર દબાણ કરી રસીદ કઢાવી હોવાનો ડીડીઓની તપાસમાં પર્દાફાશ

(પ્રતિનિધિ દ્વારા)

ગોંડલ તા.૨૬

ગોંડલ તાલુકાના ચરખડી ગામના સરપંચ દ્વારા હોદ્દા અને સત્તાનો દુરુપયોગ કરી પોતાના જ પુત્રને પંચાયતની જગ્યા ભાડે આપી દેવાના પ્રકરણમાં વહીવટી તંત્ર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદે લાલ આંખ કરતા ચરખડીના સરપંચ વિનુભાઈ મોહનભાઈ માવાણીને ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૬૩ની કલમ-૫૭(૧) હેઠળ તાત્કાલિક અસરથી સરપંચ પદેથી દૂર કરાયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સરપંચ વિનુભાઈ માવાણીએ પંચાયતની માલિકીની એક જૂની જગ્યા જેનું વાર્ષિક ભાડું માત્ર રૂ. ૨૫૦ હતું, તેમાં ગ્રામ પંચાયતના કોઈપણ ઠરાવ કે મંજૂરી વિના સીધો રૂ. ૩૦૦૦નો વધારો કરી દીધો હતો. ત્યારબાદ સત્તાનો સીધો દુરુપયોગ કરી આ જગ્યા પોતાના પુત્ર અતુલ વિનુભાઈ માવાણીને ભાડે આપી દીધી હતી. અગાઉ આ જગ્યા પર જે અરજદારનું દબાણ હતું અને જેણે ભાડું નહોતું ભર્યું, તેની સામે દબાણ હટાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી. પરંતુ ત્યારબાદ નિયમોને નેવે મૂકીને સરપંચે તલાટી પર દબાણ કરી પોતાના પુત્રના નામે જગ્યા ફાળવણીની રસીદ કઢાવી લીધી હતી. આ નિર્ણય અંગત લાભ માટે સંપૂર્ણપણે એકતરફી લેવાયો હોવાનું તપાસમાં ખુલ્યું હતું.

આ સમગ્ર મામલે તપાસ થતાં અને નોટિસ અપાતા સરપંચ વિનુભાઈએ એવો બચાવ કર્યો હતો કે, ''મારી સામેના આ તમામ આક્ષેપો રાજકીય અદાવત રાખીને કરવામાં આવ્યા છે. મારા પુત્રને પણ વેપાર કરવાનો બંધારણીય અધિકાર છે અને આ પ્રક્રિયાથી પંચાયતને કોઈ જ આર્થિક નુકસાન ગયું નથી.''

જોકે, જીલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદે સરપંચના આ બચાવને અમાન્ય ઠેરવી ફગાવી દીધો હતો. DDOએ નોંધ્યું કે, સરપંચે પોતાના હોદ્દાનો અંગત લાભ માટે ઉપયોગ કર્યો છે, જે ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૫૭(૧) અને કલમ-૩૦(૧)(જ) મુજબ પોતાની ફરજમાં નિષ્ફળતા અને સત્તાનો સ્પષ્ટ દુરુપયોગ છે. આ તારણના આધારે તેમને પદેથી હટાવવાનો આકરો આદેશ કરાયો છે.

જીલ્લા વિકાસ અધીકારી ના આદેશના પગલે ગોંડલ પંથકના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. અલબત સરપંચ વિનુભાઈ માવાણી આ હુકમ સામે આગામી ૩૦ દિવસની અંદર ઉપલી કક્ષાએ અપીલ કરનાર છે.

જૂનાગઢમાં મેફેડ્રોન ડ્રગ્સ સાથે ધોરાજીના બે પેડલર ઝડપાયા

એસ.ઓ.જી. એ રૂ. ૮૨,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો : બેની શોધખોળ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ એસ.ઓ.જી. એ ૪ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ધોરાજીના બે શખ્સોને દબોચી લઈ, રૂ. ૮૨,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



તસવીરઃ મિલન જોષી

જૂનાગઢમાં ગેરકાયદે નશીલા પદાર્થોની બદી નાબૂદ કરવા જૂનાગઢ રેન્જ ડીઆઈજી રાજેન્દ્રસિંહ ચુડાસમા અને એસપી સુબોધ ઓડેદરાના માર્ગદર્શન હેઠળ એસઓજી પી.કે. ચાવડા અને તેમની ટીમ દ્વારા તપાસ તેજ કરવામાં આવી છે. જે દરમિયાન એસઓજી પો.કો. રોહિતભાઈ અને વિશાલભાઈને મળેલી સંયુક્ત બાતમીના આધારે જૂનાગઢના રેલવે સ્ટેશન સામે સરદાર પટેલ ગેટ પાસેથી મેફેડ્રોન ડ્રગ્સની હેરાફેરી કરતા બે ઈસમોને રઈસ ઉર્ફે સમીર ઈમરાનભાઈ ગરાણા અને શબીર ઈબ્રાહીમભાઈ રફાઈ (બને રહે. બહારપુરા, ધોરાજી, જિ. રાજકોટને દબોચી લઈ તેની તપાસ કરતા આરોપીઓ પાસેથી ૪ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ મળી આવતા પોલીસ ટીમે મેફેડ્રોન ડ્રગ્સ, વજન કાંટો, ઈન્સ્યુલિન ઈન્જેક્શન, ૨ મોબાઈલ ફોન અને સુઝુકી બર્ગમેન મોપેડ મળી કુલ રૂ. ૮૨,૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસના વધુમાં જણાવ્યા મુજબ, આ કેસમાં જૂનાગઢના દાનીશ બાદશાહ અને સકલેન નાયક નામના બે આરોપીઓને પકડવાના બાકી છે. એસઓજી ટીમે જૂનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગરમાં ખોટી નંબર પ્લેટ લગાવીને સ્કૂટર ચલાવતા શખ્સ સામે ગુનો નોંધાયો

ઈ-ચલણથી બચવા ખોટો નંબર લગાવ્યો હતો

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા. ૨૬

જામનગરના ટાઉનહોલ વિસ્તારમાંથી ગઈકાલે બપોરે ખોટા નંબર લગાડી ફેરવાતા એક્સેસ સ્કૂટરને ટ્રાફિક શાખાએ પકડી પાડ્યું હતું. કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની ટીમે ઉપરોક્ત સ્કૂટરના નંબર સાચા ન લખાયાની જાણ ટ્રાફિક શાખાને કરાયા પછી સ્કૂટરના ચાલક સામે સાચા નંબર છૂપાવવા અંગે ગુન્હો નોંધવામાં આવ્યો છે.

જામનગરના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના સ્ટાફ દ્વારા ગઈકાલે કરવામાં આવી રહેલી સર્વેલન્સ કામગીરી દરમિયાન જીજે-૧૦-ઈએલ ૩૧ નંબરનું એક સ્કૂટર નજરે ચઢ્યું હતું. આ નંબર જીજે-૧૦-ઈએલ ૩૧૦૦ હોવા નું જણાઈ આવ્યું હતું. જ્યારે સ્કૂટરમાં ૩૧ નંબર જ લખેલા હોવાનું ખૂલ્યું હતું.

આ બાબતની ટ્રાફીક શાખાને જાણ કરવામાં આવતા પીએસઆઈ એ.એચ. ચોવટ તથા ટીમે નગરના ટાઉનહોલ વિસ્તારમાં વોચ રાખી હતી. જેમાં ગઈકાલે બપોરે પસાર થતાં આ સ્કૂટરને રોકી લેવામાં આવ્યું હતું. તેના પર જઈ રહેલા ગરીબનગર પાણાખાણમાં રહેતા ફૈઝલ યુનુસભાઈ મુનરાઈની પૂછપરછ કરાતા આ વાહનના નં.જીજે-૧૦-ઈએલ ૩૧૦૦ હોવા છતાં આ શખ્સ ઉપરોક્ત નંબર પ્લેટ લગાડીને ફરતો હોવાનું જણાઈ આવ્યું હતું.

ઉપરોક્ત બાબતની પોલીસ સ્ટેશનમાં ટ્રાફિક શાખાના જમાદાર સત્યજીતસિંહ વાળાએ ખુદ ફરિયાદી બની ફરિયાદ નોંધાવી છે. આ સ્કૂટરની તપાસ કરાતા તેની ડેકીમાંથી ઓરીજીનલ નંબર પ્લેટ પણ મળી આવી હતી. ઈ-ચલણની કાર્યવાહીથી બચવા માટે આ શખ્સે બોગસ નંબર પ્લેટ લગાડ્યાનું પ્રાથમિક તબક્કે ખૂલ્યું છે.

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES UNDER THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED (**"SEBI ICDR REGULATIONS"**). INITIAL PUBLIC OFFERING OF EQUITY SHARES ON THE MAIN BOARD OF BSE LIMITED (**"BSE"**) AND NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED (**"NSE"**) (TOGETHER, THE **"STOCK EXCHANGES"**) IN COMPLIANCE WITH CHAPTER II OF THE SEBI ICDR REGULATIONS. **NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.**

PUBLIC ANNOUNCEMENT

(Please scan this QR code to view the Draft Red Herring Prospectus and the Draft Abridged Prospectus)

KIAN-M EXPORT LIMITED

Our Company was originally incorporated as 'Kian-M Export Private Limited', a private limited company under the provisions of the Companies Act, 2013, pursuant to a certificate of incorporation dated January 17, 2020, issued by the Registrar of Companies, Central Registration Centre. Our Company was subsequently converted into a public limited company pursuant to the resolution passed by our Board of Directors on May 14, 2026 and special resolution passed by our Shareholders on May 15, 2026 and the name of our Company was changed to 'Kian-M Export Limited', and a fresh certificate of incorporation dated May 26, 2026 was issued by the Registrar of Companies, Central Processing Centre. For details of change in the registered office of our Company, see "*History and Certain Corporate Matters- Changes in our registered office*" on page 234 of the Draft Red Herring Prospectus dated September 24, 2026 (**"DRHP"** or the **"Draft Red Herring Prospectus"**).

Corporate Identity Number: U17299GJ2020PLC112146; Website: www.kian-m.com

Registered and Corporate Office: S.No. 208/P2, Sub Plot No.1A, Bedi, Near Avadh Green Party Plot, Morbi Road, Rajkot - 360 003, Gujarat, India.

Contact Person: Kinjal Sunilbhai Kothari, Company Secretary and Compliance Officer; **Telephone**: +91 90337 43821; **Email**: compliance@kian-m.com

OUR PROMOTERS: RAJESHBHAI PARSHOTAM MALAVIYA, USHABEN RAJESHBHAI MALAVIYA, DARSH RAJESHBHAI MALAVIYA AND PARTH RAJESHBHAI MALAVIYA

INITIAL PUBLIC OFFERING OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH (THE "EQUITY SHARES") OF KIAN-M EXPORT LIMITED ("OUR COMPANY" OR "THE COMPANY" OR "THE ISSUER") FOR CASH AT A PRICE OF ₹ [●] PER EQUITY SHARE (INCLUDING A SHARE PREMIUM OF ₹ [●] PER EQUITY SHARE) (THE "OFFER PRICE") AGGREGATING UP TO ₹ [●] MILLION (THE "OFFER") COMPRISING A FRESH ISSUE OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AGGREGATING UP TO ₹ 5,000 MILLION BY OUR COMPANY (THE "FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF UP TO 1,500,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH ("OFFERED SHARES") AGGREGATING UP TO ₹ [●] MILLION BY RAJESHBHAI PARSHOTAM MALAVIYA (THE "OFFER FOR SALE", AND SUCH SHAREHOLDER OFFERING THE OFFERED SHARES IS REFERRED TO AS THE "PROMOTER SELLING SHAREHOLDER").

THE FACE VALUE OF THE EQUITY SHARES IS ₹ 10 EACH. THE OFFER PRICE IS [●] TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES. THE PRICE BAND AND THE MINIMUM BID LOT WILL BE DECIDED BY OUR COMPANY, IN CONSULTATION WITH THE BOOK RUNNING LEAD MANAGER AND WILL BE ADVERTISED IN ALL EDITIONS OF [●] (A WIDELY CIRCULATED ENGLISH DAILY NATIONAL NEWSPAPER), ALL EDITIONS OF [●] (A WIDELY CIRCULATED HINDI NATIONAL DAILY NEWSPAPER), AND ALL EDITIONS OF [●] (A WIDELY CIRCULATED GUJARATI NATIONAL DAILY NEWSPAPER, GUJARATI BEING THE REGIONAL LANGUAGE OF GUJARAT, WHERE OUR REGISTERED AND CORPORATE OFFICE IS LOCATED) AT LEAST TWO WORKING DAYS PRIOR TO THE BID/OFFER OPENING DATE AND SHALL BE MADE AVAILABLE TO THE STOCK EXCHANGES FOR UPLOADING ON THEIR RESPECTIVE WEBSITES IN ACCORDANCE WITH THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED (THE "SEBI ICDR REGULATIONS").

In case of any revision to the Price Band, the Bid/Offer Period will be extended by at least three additional Working Days after such revision in the Price Band, subject to the Bid/ Offer Period not exceeding 10 Working Days. In cases of force majeure, banking strike or unforeseen circumstances, our Company may, in consultation with the BRLM, for reasons to be recorded in writing, extend the Bid / Offer Period for a minimum of one Working Day, subject to the Bid/ Offer Period not exceeding 10 Working Days. Any revision in the Price Band and the revised Bid/Offer Period, if applicable, will be widely disseminated by notification to the Stock Exchanges, by issuing a public notice, and also by indicating the change on the website of the BRLM and at the terminal of the Syndicate Member and by intimation to the Designated Intermediaries and the Sponsor Banks, as applicable.

This Offer is being made in terms of Rule 19(2)(b) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended ("**SCRR**"), read with Regulation 31 of the SEBI ICDR Regulations. The Offer is being made through the Book Building Process in terms of Regulation 6(1) of the SEBI ICDR Regulations, wherein in terms of Regulation 32(1) of the SEBI ICDR Regulations, not more than 50% of the Offer shall be available for allocation on a proportionate basis to Qualified Institutional Buyers ("**QIBs**", and such portion, the "**QIB Portion**") provided that our Company in consultation with the BRLM, may allocate up to 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI ICDR Regulations ("**Anchor Investor Portion**"), of which 40% of such Anchor Investor Portion shall be reserved, in the following manner (i) 33.33% shall be reserved for allocation to domestic Mutual Funds; and (ii) 6.67% shall be reserved for Life Insurance Companies and Pension Funds, subject to valid Bids being received from domestic Mutual Funds, Life Insurance Companies and Pension Funds at or above the Anchor Investor Allocation Price. In the event of under-subscription in (ii) above, the allocation may be made to domestic Mutual Funds, at or above the Anchor Investor Allocation Price, in accordance with the SEBI ICDR Regulations. In the event of under-subscription or non-allocation in the Anchor Investor Portion, the balance Equity Shares of face value of ₹ 10 each shall be added to the Net QIB Portion. Further, 5% of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis only to Mutual Funds and the remainder of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to all QIB Bidders (other than Anchor Investors) including Mutual Funds, subject to valid Bids being received at or above the Offer Price. However, if the aggregate demand from Mutual Funds is less than 5% of the QIB Portion, the balance Equity Shares of face value of ₹ 10 each available for allocation in the Mutual Fund Portion will be added to the remaining QIB Portion for proportionate allocation to QIBs. Further, not less than 15% of the Offer shall be available for allocation to Non-Institutional Bidders out of which (a) one-third of such portion shall be reserved for applicants with application size of more than ₹200,000 and up to ₹1,000,000; and (b) two-third of such portion shall be reserved for applicants with application size of more than ₹1,000,000 provided that the unsubscribed portion in either of such sub-categories may be allocated to applicants in the other sub-category of Non-Institutional Bidders and not less than 35% of the Offer shall be available for allocation to Retail Individual Bidders ("**RIBs**") in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received from them at or above the Offer Price. All potential Bidders (except Anchor Investors) are required to mandatorily utilise the Application Supported by Blocked Amount ("**ASBA**") process by providing details of their respective bank accounts (including UPI ID for UPI Bidders) *(as defined hereinafter)* in which the Bid amount will be blocked by the SCSBs or the Sponsor Banks, as applicable, to participate in the Offer. Anchor Investors are not permitted to participate in the Anchor Investor Portion of the Offer through the ASBA process. For details, see "*Offer Procedure*" on page 431 of the DRHP.

This public announcement is being made in compliance with the provisions of Regulation 26(2) of the SEBI ICDR Regulations to inform the public that our Company is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares pursuant to the Offer and has filed the DRHP along with the Draft Abridged Prospectus each dated September 24, 2026, with the Securities and Exchange Board of India ("**SEBI**") and with the Stock Exchanges. Pursuant to Regulation 26(1) of the SEBI ICDR Regulations, the DRHP along with the Draft Abridged Prospectus filed with SEBI and the Stock Exchanges has been made available to the public for comments, if any, for a period of at least 21 days from the date of publication of this public announcement in accordance with Regulation 26(2) of the SEBI ICDR Regulations. The DRHP has been filed by hosting it on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges at, www.bseindia.com and www.nseindia.com, on the website of the Company at www.kian-m.com; and on the website of the Book Running Lead Manager ("**BRLM**"), i.e. Mirae Asset Capital Markets (India) Private Limited at https://cm.miraeasset.co.in/, respectively. Our Company invites the public to give their comments on the DRHP along with the Draft Abridged Prospectus filed with SEBI and the Stock Exchanges, with respect to disclosures made in the DRHP along with the Draft Abridged Prospectus. The public is requested to send a copy of the comments to SEBI, to the Company Secretary and Compliance Officer of our Company and/or the BRLM at their respective addresses mentioned herein. All comments must be received by SEBI and/or our Company and/or the Company Secretary and Compliance Officer of our Company and/or the BRLM in relation to the Offer on or before 5.00 p.m. on the 21st day from the date of publication of this public announcement.

Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in the Offer unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Offer. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Offer including the risks involved. The Equity Shares of face value of ₹ 10 each offered in the Offer have not been recommended or approved by the SEBI, nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the Draft Red Herring Prospectus. Specific attention of the investors is invited to "*Risk Factors*" beginning on page 23 of the DRHP.

Any decision to invest in the Equity Shares described in the DRHP may only be taken after the Red Herring Prospectus ("**RHP**") has been filed with the RoC and must be made solely on the basis of such RHP as there may be material changes in the RHP from the DRHP and the Draft Abridged Prospectus. The Equity Shares, when issued through the RHP, are proposed to be listed on the main board of the Stock Exchanges.

For details of the share capital and capital structure and the names of the signatories to the Memorandum of Association and the number of shares subscribed by them of our Company, please see the section titled *"Capital Structure"* on page 87 of the DRHP. The liability of the members of our Company is limited by their shares. For details of the main objects of our Company as contained in the Memorandum of Association, please see the section titled *"History and Certain Corporate Matters"* on page 234 of the DRHP.

BOOK RUNNING LEAD MANAGER	REGISTRAR TO THE OFFER
Mirae Asset Capital Markets (India) Private Limited 1st Floor, Tower 4, Equinox Business Park, LBS Marg, Off BKC, Kurla (West) Mumbai - 400 070, Maharashtra, India **Telephone**: +91 22 6266 1300 **E-mail**: kianm.ipo@miraeassetcm.com **Investor Grievance ID:** mbinvestors@miraeassetcm.com **Website**: https://cm.miraeasset.co.in/ **Contact person**: Wincy Nadar/ Aditee Sinha **SEBI Registration No.**: INM000012485	**MUFG Intime India Private Limited *(Formerly Link Intime India Private Limited)*** C-101, 1st Floor, 247 Park, L.B.S. Marg, Vikhroli West, Mumbai - 400 083, Maharashtra, India **Telephone**: + 91 81081 14949 **E-mail**: kian-mexport.ipo@in.mpms.mufg.com **Investor Grievance ID**: kian-mexport.ipo@in.mpms.mufg.com **Website**: www.in.mpms.mufg.com **Contact person**: Shanti Gopalkrishnan **SEBI Registration No.**: INR000004058

All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the DRHP.

For **KIAN-M EXPORT LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
Kinjal Sunilbhai Kothari
Company Secretary and Compliance Officer

Place: Rajkot, Gujarat
Date: September 25, 2026

KIAN-M EXPORT LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the DRHP along with the Draft Abridged Prospectus each dated September 24, 2026 with SEBI and the Stock Exchanges on September 25, 2026. The DRHP along with the Draft Abridged Prospectus is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.kian-m.com; and on the website of the Book Running Lead Manager ("**BRLM**"), i.e. Mirae Asset Capital Markets (India) Private Limited at https://cm.miraeasset.co.in/, respectively. Any potential Bidders should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see *"Risk Factors"* on page 23 of the DRHP and the details set out in the RHP, when filed. Potential Bidders should not rely on the DRHP or the Draft Abridged Prospectus filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on the RHP, when filed, for making investment decision.

This announcement has been prepared for publication in India and may not be released in the United States. This announcement does not constitute an offer of securities for sale in any jurisdiction, including the United States, and any securities described in this announcement may not be offered or sold in the United States absent registration under the US Securities Act of 1933, as amended, or an exemption from registration. Any public offering of securities to be made in the United States will be made by means of a prospectus that may be obtained from the Company and that will contain detailed information about the Company and management, as well as financial statements. However, no offering of securities is being made in the United States.

Adfactors 397/26